ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૪૩૩૫-૨૦૨૪

| | | |
|---|---|---|
| વિવાદી | : | શ્રી ભટ્ટ પંકજ પ્રમોદરાય<br>ઘર નં. ૨૨૭,બીજા માળ,<br>ઈલોરા કોમર્શિયલ સેન્ટર,<br>જી.પી.ઓ.ની સામે, રીલીફ સિનેમાની પાછળ,<br>સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧<br>વિરુધ્ધ |
| પ્રતિવિવાદી | : | (૧) જાહેર માહિતી અધિકારી<br>આસીસ્ટન્ટ મેનેજર<br>અમદાવાદ મ્યુનિસીપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ<br>સેન્ટ્રલ ઓફીસ, ટ્રાન્સપોર્ટ હાઉસ,<br>જમાલપુર દરવાજા બહાર,<br>પો. બો. નં.૧૪૨,<br>અમદાવાદ - ૩૮૦૦૨૨<br>(૨) અપીલ સત્તાધિકારીશ્રી<br>ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ મેનેજર(જનરલ)<br>અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ,<br>ટ્રાન્સપોર્ટ હાઉસ,જમાલપુર દરવાજા બહાર,<br>પો.બો.નં.૧૪૨, અમદાવાદ શહેર<br>અમદાવાદ - ૩૮૦૦૨૨ |

તા. ૩/૬/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

| | | | |
|---|---|---|---|
| (૧) | સુનાવણીની તારીખ | : | ૦૩/૦૬/૨૦૨૫ |
| (૨) | સુનાવણી માટેનું સ્થળ | : | ગુજરાત માહિતી આયોગ |

(૩) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૧૭/૦૫/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૧૯/૦૬/૨૦૨૪<br>૧૮/૦૬/૨૦૨૪<br>૨૬/૦૬/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : | ૨૪/૦૬/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૦૬/૦૮/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | : | ૦૫/૦૯/૨૦૨૪ |
| (vi) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૨૯/૦૫/૨૦૨૫ |
| (vii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૨૩/૦૧/૨૦૨૫<br>૨૯/૦૫/૨૦૨૫ |

(૪) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : શ્રી ભટ્ટ પંકજ પ્રમોદરાય આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ મેનેજર, અમદાવાદ મ્યુનિસીપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, સેન્ટ્રલ ઓફીસ, ટ્રાન્સપોર્ટ હાઉસ, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૨) શ્રી આર.એલ.પાન્ડે, પ્રથમ અપીલ સત્તાધિકારી અને ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ મેનેજર(જનરલ), અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, અમદાવાદ શહેર, અમદાવાદ આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૫) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

વિવાદી જણાવે છે કે, તેઓ દ્વારા અરજીના મુદ્દા ક્રમાંક-(૧) અને (૨) અન્વયે ચોક્કસ ઠરાવની માહિતી માંગવામાં આવેલ હોવા છતાં, જાહેર માહિતી અધિકારી દ્વારા તેઓને “રૂબરૂ બતાવવામાં આવશે” તેવો પ્રત્યુત્તર પાઠવી, રૂબરૂ બોલાવવામાં આવેલ હોવાથી, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીને યોગ્ય સુચનાઓ આપવામાં આવે.

કોઈપણ નાગરિક દ્વારા જ્યારે ચોક્કસ વિગતો દર્શાવીને મર્યાદિત માહિતીની માંગણી કરવામાં આવેલ હોય ત્યારે તેવી માહિતી નાગરિકને આપવા માટે નિયત સમયમર્યાદામાં નકલ ફી ચૂકવવા માટે જાણ કરવાની રહે છે અને નિયત નકલ ફી ચૂકવ્યાની જાણ થયા બાદ, જાહેર માહિતી અધિકારીએ નાગરિકને માહિતી મોકલી આપવાની રહે છે. આ સમગ્ર પ્રક્રિયામાં વિવાદીને રૂબરૂમાં બોલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે અધિનિયમ/નિયમોમાં આવી કોઈ જોગવાઈ ઉપલબ્ધ નથી.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીને ભવિષ્યમાં મળનાર અરજી પરત્વે અધિનિયમ/નિયમોમાં દર્શાવેલ જોગવાઈઓ ધ્યાને લઈને યોગ્ય નિર્ણય કરવાની કાળજી રાખવા જણાવવામાં આવે છે.

ઉક્ત વિગતે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-

**(ડૉ. સુભાષ સોની)**
**રાજ્ય મુખ્ય માહિતી કમિશનર**
**ગુજરાત માહિતી આયોગ,**
**ગાંધીનગર**

**મુકાબલ કરનાર**

**કાયદા અધિકારી**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**

**પ્રમાણિત કરનાર**

**નાયબ સચિવ**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**

Gujarat Information Commission
CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR